

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સ્વાર્થની કડાઈએ તળાય ને, ખંધાય છે છટ્ઠ*
*ગંદા રાજકારણની રમતે વિંધાય છે છટ્ઠ*
*બંધાય છે લોટ અનેક ચક્કીઓનો એક પીંડે*
*હવે તો ઘેર-ઘેર, પક્ષે-પક્ષે રંધાય છે છટ્ઠ!*

### હાઈકુ

*ભાંગફોડથી,*
*રંધાય છે રહસ્યો -*
*રાંધણ છટ્ઠે*

*બધી વાતમાં*
*નાખે વિકાસનું મોણ*
*રાંધણ છટ્ઠ*

### ચિંતન

*યો ધ્રુવાણી પરિત્યજ્ય અધ્રુવ પરિષેવતે ।*
*ધ્રુવાણિ તસ્ય નશ્યન્તિ અધ્રુવં નષ્ટમેવ ચ ॥*

ઉપરોક્ત શ્લોક ચાણક્ય નીતિમાંથી લેવામાં આવેલ છે.

જે વ્યક્તિ નિશ્ચિચ કાર્ય છોડી અનિશ્ચિત કાર્યની પાછળ પડે છે, તે હાથમાં આવેલું કાર્ય કે પ્રાપ્ત થયેલી ચીજવસ્તુ ગુમાવે છે.

જે વ્યક્તિ પોતાના ધ્યેયને વળગી રહી સાતત્યપૂર્વક પોતાના પ્રયત્નો ચાલુ રાખે છે તે સફળ થાય છે. મૂર્ખ વ્યક્તિઓ છેક છેલ્લી ઘડીએ જયારે પોતાનું ધ્યેય પૂરું થવામાં જ હોય અને એના પરિણામો મળવાનો જ હોય તેને સમયે કાલ્પનિક, અવાસ્તવિક કે અનિશ્ચિત લાભોથી લોભાઈ પોતાનું નિશ્ચિત કર્મ છોડી અનિશ્ચિત કર્મ તરફ દોડ મૂકે છે. આમ કરતાં બેવ બાજુથી લટકી પડે છે. એ પોતાના હાતમાં હોય એ પણ ગુમાવે છે. ટૂંકમાં જેને વળગ્યા છો તેને જ વળગી રહો એ જ તમને તારશે. ટૂંકમાં 'પારકા પાડા કરતાં આપણી બકરી સારી'.

### સુવિચાર

- સભ્યતા તો સ્વાભાવિક હોવી જોઈએ. બીજું બધું 'એટીકેટ' કહેવાય. મોક્ષ માર્ગ એટલે સાદાઈ હોવી જોઈએ - **આપ્તસૂત્ર**
- કોઈ ચેતવણી આપતું હોય તો તે દીવાદાંડી છે, અને દીવાદાંડીની જે ખોડ કાઢે, સ્ટીમર સહીસલામત કયારે પહોંચશે ? - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈને 'ઓબ્લાઈજ' કરશો તો તમારી ઈચ્છા પ્રમાણે થશે અને કોઈને નુકશાન કરીશું તો ઈચ્છા વિરુદ્ધ થશે - **ગુણવંત શાહ**
- આપણે છ પેન્સ જ નાંખ્યા હોય તો જીવનરુપી સ્લોટ મશીનમાંથી શિલિંગનો જથ્થો મળે એવી આશા ન રાખવી જોઈએ - **સંત ઓગસ્ટીન**
- લોભ અને સુખે એકબીજાને કદી જોયાં નથી પછી તેઓ એકબીજાથી પરિચિત કેવી રીતે હોઈ શકે - **ડિઝરાયેલી**
- જયારે ઈચ્છા દૃઢતા ધારણ કરે છે ત્યારે તે પ્રભાવી બને છે - **સર ફિલિપ**
- આજનું ઔષધ : ઘણુંના લોટમાં સાકર અને દૂધ મેળવી પીવાથી નાકમાંથી લોહી નીકળતું બંધ થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

રશિયાના એક નિર્જન ટાપુ પર દીવાદાંડી હતી. દીવાદાંડીનો રખેવાળ સમયસર દીવો કરી ઘરે ન પહોંચતા તેની પત્ની એને રાત્રે શોધવા નીકળી. રસ્તામાં પતિનું સાપ કરડવાને કારણે મૃત્યુ થયેલું શબ મળી આવ્યું. તેને ભારે આઘાત લાગ્યો. એ સ્ત્રીએ ખૂબ ધીરજ રાખી. પતિનો મૃતદેહ ઓરડીમાં મૂકી પોતે દીવાદાંડી પર ચઢી એણે દીવો કર્યો. પણ કાચ ફરતા રાખવાનો યાંત્રિક સંચો ચાલુ કરતા ન આવડ્યં. એટલે આખી રાત તેણે દીવાદાંડી પર ઊભા રહી હાથથી કાચ ફેરવ્યા કર્યા જેથી રાત્રે સમુદ્રમાંથી પસાર થતું વહાણ ખડક સાથે અટડાઈ ન જાય. પતિના મૃત્યુ છતાં પતિ વતી તેણે દીવાદાંડી ના રખેવાળની ફરજ બજાવી હતી. જો એમ ન કર્યું હોય તો જહાજને જોખમ ઊભું થાય.

આ અદ્‌ભૂત કર્તવ્ય પાલનની વાત જાણ્યા પછી એ પ્રાંતના લોકો એ દિવ્ય 'લેમ્પ લેડી દિવસ' મનાવે છે.

# આપત્તિ વ્યવસ્થાપનનું મહત્ત્વ સમજીએ

**તંત્રીસ્થાનેથી...**

આપત્તિ વ્યવસ્થાપન એટલે કે ડિઝાસ્ટર મૅનેજમૅન્ટ.

તાજેતરમાં એક આપત્તિ ગુજરાતમાં આવી ગઈ એ આપણે જાણીએ છીએ અને એ પછી હવે આપત્તિ વ્યવસ્થાપનને આપણે યાદ કરીએ છીએ એ ઘણાંને 'સમય વહી ગયા પછીનું' ડહાપણ લાગશે. પણ હકીકત એ છે કે આપત્તિ ગુજરાત પર આવી ગઈ એટલે જ આપત્તિ વ્યવસ્થાપનની યાદ આવી છે. આપત્તિ આવી ત્યારે આપણે જે બેદરકારી દેખાડી છે અને આપત્તિ વહી ગયા પછી પણ અત્યારે જે રીતે સહાયનો પ્રવાહ બેકાબૂ, દિશાહિન વહી રહ્યો છે એ જોતાં આપત્તિ વ્યવસ્થાપનને યાદ કરવું જરૂરી લાગી જ રહ્યું છે.

આપણી સૌથી મોટી કરુણતા એ છે કે આપત્તિ વ્યવસ્થાપન કેટલું જરૂરી છે એ વાતનો ખ્યાલ માત્ર ને માત્ર આપત્તિ આવે ત્યારે જ આપણને આવે છે અને પછી આપણે બહુ સહેલાઈથી એ ખ્યાલને ભૂલી જઈએ છીએ. જ્યારે જેમનાં નામ દુનિયામાં વિકસીત દેશો તરીકે લેવાય છે એ દેશોમાં આપત્તિ વ્યવસ્થાપન એ ન માત્ર કાયમી પ્રવૃત્તિ તરીકે પરંતુ કાયમી શિક્ષણના સાધન અને કાયમી સુધારવામાં આવતી પ્રૅક્ટિસ તરીકે ઉપયોગમાં લેવાય છે. આ જ કારણથી આ દેશો ન માત્ર કુદરતી આપત્તિ સામે પરંતુ માનવસર્જિત આપત્તિ સમયે પણ વિચલિત થયા વિના કે જાનમાલનું મોટું નુકસાન થયા વિના આબાદ બચી જાય છે. જોકે, અહીં એ વાત પણ નોંધવી ઘટે કે માનવમૂલ્યનું મહત્ત્વ પણ બંને સ્થળે અલગ અલગ છે.

પશ્ચિમના દેશોમાં કોઈ મોટી કુદરતી હોનારત થાય અને મૃત્યુઆંક ૮-૧૦ પણ પહોંચે તો ત્યાં આ બાબતને બહુ ગંભીરતાથી લેવાય છે અને આપણે ત્યાં કોઈ મોટા તહેવાર પ્રસંગે મંદિરમાં દર્શન કરવા ઉમટેલા ભક્તોની ભીડ દોડાદોડી કરે એમાં ૧૨-૧૫ માણસો દટાઈ જાય તો કોઈને અરેરાટી તો ઠીક પણ આશ્ચર્ય પણ નથી થતું ! અને આવી દુર્ઘટનાઓમાંથી આપણે કોઈ પદાર્થપાઠ પણ નથી જ લેતા એવું આપણે અનેક પ્રસંગે સાબિત કરી આપ્યું છે.

અહીં 'આપણે' શબ્દ તંત્ર માટે નહીં, પણ લોકો માટે, સામાન્ય નાગરિકો માટે ઉપયોગમાં લેવામાં આવી રહ્યો છે. કારણ કે તંત્ર તો કામ કરે જ છે, તંત્ર તો સૂચનાઓ આપે જ છે અને તંત્ર તો ચોમાસા પહેલાં લોકોને સાવધ રહેવા માટે જણાવે જ છે, પરંતુ તેમ છતાં ચોમાસામાં વધારે વરસાદ થાય ત્યારે જાનમાલનું નુકસાન આપણે ત્યાં થાય છે અને એ પછી રોગચાળો પણ એટલું જ માથું ઊંચકે છે.

આ વખતે પણ એમ જ થયું છે. રાજ્ય સરકારે ચોમાસા પહેલાં જ ઠેર-ઠેર 'ચોમાસું આવે છે, ચેતીએ' એ મતલબનાં મસમોટાં હૉર્ડિંગ્સ લગાવ્યાં હતાં ને એ પછી જ રાજ્યમાં વરસાદે આગમન કર્યું છે. પરંતુ તેમ છતાં આ અનેક હૉર્ડિંગ્સમાંની એકપણ જાહેરાતનું અનુસરણ કોઈએ કર્યું હોય એવું ક્યાંય દેખાયું નહીં.

અહીં પ્રશ્ન રાજ્ય સરકારે જાહેરખબરો અસરકારક રીતે કરી કે નહીં તે નથી, રાજ્ય સરકારે પ્રયત્ન તો કર્યો. પરંતુ લોકોએ તો એ પણ નથી કર્યું. જાણમાં હોવા છતાં બેદરકારી દાખવી છે, જેનાં પરિણામો માઠાં આવ્યાં છે.

અને આપત્તિ આવી ગયા પછી સહાયનો જે પ્રવાહ લોકોએ વહાવ્યો છે એમાંય કોઈ દૂરંદેશી, માર્ગદર્શન કે આયોજન જેવું દેખાતું નથી. અનેક લોકો સહાય કરે છે, અનેક રીતે સહાય કરે છે પણ એ સહાય જ્યાં પહોંચે છે ત્યાં મબલખ પહોંચે છે અને નથી પહોંચતી ત્યાં સોયનાય સાંસા છે. 'પાણી પહેલાં પાળ બાંધવી' એવું આપણે શાળામાં શીખ્યા હતા, શાળામાં જ ભૂલી આવ્યા છીએ એવું લાગે છે.

# ઉત્સવોને લીધે આપણી સંસ્કૃતિ અમર છે

**પ્રસંગસર**

પ્રા.ડો. અંબાલાલ પ્રજાપતિ

*માસાનાં શ્રાવણોઽહમ્।*

ભગવાન શ્રીકૃષ્ણે ગીતાના ૧૦મા અધ્યાય વિભૂતિયોગમાં *'માસાનાં માર્ગશીર્ષોઽહમ્।'* એટલે કે મહિનાઓમાં હું માગસર મહિનો છું એમ કહ્યું છે. લેખકને શ્રાવણ મહિનાનું મહત્ત્વ વિશેષ જણાયું છે એટલે પ્રસ્તુત લેખનું શીર્ષક 'માસાંનાં શ્રાવણોઽહમ્' એટલે કે મહિનાઓમાં હું શ્રાવણ મહિનો છું એમ રાખ્યું છે.

શ્રાવણ મહિનો એટલે પવિત્ર મહિનો. જ્ઞાનનું શ્રવણ કરી અજ્ઞાનને દૂર કરવાનો, પાપ ઓછું કરી પુણ્યની વૃદ્ધિ કરવાનો, ભગવાનની કીર્તિનું ગાન કરી હૃદયને પવિત્ર કરવાનો અને દાન, ધ્યાન, ધર્મ અને કર્મથી આત્મ કલ્યાણ કરવાનો મહિનો. આ મહિનામાં બે મોટા હિંદુ તહેવારો, રક્ષાબંધન અને જન્માષ્ટમી શ્રાવણનું ગૌરવ વધારે છે. તેમાં વળી ૧૫મી ઓગસ્ટના સ્વાતંત્ર્ય પર્વનો મહિમા તેના ગૌરવને શિખર સ્થાને પ્રસ્થાપિત કરે છે. રક્ષાબંધનનો ઉત્સવ પરંપરાથી ચાલ્યો આવે છે. ભાઈબહેનના અમર પ્રેમને એ મુખરિત કરે છે. બહેન ભાઈને રાખડી બાંધીને ભાઈની રક્ષાનું વરદાન આપે છે. આ પારિવારિક પ્રેમનું ઉદાહરણ જગતમાં અજોડ છે. ભાઈ બહેનનો આ પવિત્ર પ્રેમ સમાજ અને રાષ્ટ્રની રક્ષાની ભાવનાને પણ બળવત્તર બનાવે છે.

જન્માષ્ટમી એટલે ભગવાન શ્રીકૃષ્ણના જન્મનો મહોત્સવ. આ ઉત્સવ એટલે ભગવાનના જન્મ પ્રસંગે ઘંટનાટ કરી માત્ર તેમની આરતી ઉતાવળાનો ઉત્સવ નથી. આ પ્રેરક પ્રસંગ આસુરી તત્ત્વો પર વિજય મેળવી દૈવી તત્ત્વોનું રક્ષણ કરવાનો તહેવાર છે. ભગવાન શ્રીકૃષ્ણે કંસ, શિશુપાલ, જરાસંઘ જેવા આસુરી તત્ત્વોનો વિનાશ કરી શોષિત સમાજના ઉદ્ધારનું કાર્ય કર્યું હતું. આસુરી તત્ત્વોના પ્રતીક એવા કૌરવનો વિનાશ કર પાંડવો રુપી દૈવી તત્ત્વો દ્વારા એક મહાન અવતાર કાર્ય કર્યું હતું. તેથી આપણે શ્રીકૃષ્ણને ભગવાન તરીકે પૂજીએ છીએ અને તેમનો જન્મોત્સવ મનાવીએ છીએ.

૧૫મી ઓગસ્ટનું રાષ્ટ્રીય પર્વ પણ શ્રાવણ મહિનામાં આવે છે. યોગાનું યોગ જન્માષ્ટમી અને ૧૫મી ઓગસ્ટ બંને તહેવારો એક જ દિવસે છે. અંગ્રેજોની ગુલામીની ઝંઝીરો તોડી આ દિવસે ભારત દેશ સ્વતંત્ર થયો. ભારતના લોકો આ દિવસે ૭૦મો જન્મ દિવસ ઉજવશે. દેશના વડાપ્રધાન લાભ કિલ્લા પરથી રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રની પ્રગતિનાં લેખાજોખાં કરતું પ્રવચન આપશે અને રાષ્ટ્રીય પર્વ પૂરું થઈ જશે. સરકારો આવે છે અને જાય છે પણ આઝાદીના લડવૈયાઓએ અને બંધારણના ઘડવૈયાઓએ જે મહાન ભારત, સમર્થ ભારત કે વિશ્વગુરુ ભારતનું સ્વપ્ન જોયું હતું કે શાસકો પૂર્ણ કરી શકશે ? એવો પ્રસ્ન અનુત્તર છે. દેશની સામે ઘણા પ્રશ્નો છે. મોંઘવારી, બેકારી, કુપોષણ, શિક્ષણ, સીમાસુરક્ષા, ભ્રષ્ટાચાર, અસહિષ્ણુતા, આતંકવાદ, અસામાજિકતા, જાતિવાદ, લોકશાહીની સુરક્ષા, પર્યાવરણ, આ બધા પ્રશ્નો ઉકલ્યા સિવાય આગળ વધી શકાય તેમ નથી. આશ્વાસન એટલું છે કે કેન્દ્રને એક સમર્થ સરકાર મળી છે પણ નીવડે વખાણ થાય.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતાના ૧૬માં અધ્યાયમાં દૈવી અને આસુરી તત્ત્વોની સમજૂતિ અર્જુનને આપી છે. ચોથા અધ્યાયમાં પણ જયારે જયારે આસુરી તત્ત્વોનો ઉપદ્રવ વધી જાય છે ત્યારે ધર્મનું રક્ષણ કરવા ભગવાન સ્વયં અવતાર ધારણ કરે છે. એ જયારે રાષ્ટ્ર પણ તેમાંથી પ્રેરણા લઈ આગળ વધી શકે. શ્રાવણ મહિનો તેનો અગ્રદૂત બને તો તેને ભગવાનની વિભૂતિ ગણવામાં સંકોને સ્થાન નથી. ઉત્સવોને લીધે આપણી સંસ્કૃતિ અમર છે અને અમર રહેશે.

# સર્જક - મૃત્યુ, કલાકૃતિ અને આર્ટ ઓફ લિવિંગ

**મોરપીંછના રંગ**



ડો. કનૈયાલાલ ભટ્ટ

સર્જક એની ઉત્તમ કૃત્તિની રચના કરતા પહેલા અનેક વખત મૃત્યુ પામતો હોય છે. અને આ વારે વારે થતા મૃત્યુની પીડા એ પોતાની અંદર ઉતારતો હોય છે. અંદરથી મૃત્યુ પામેલા અને બહારથી જીવતા સર્જકને જ્યારે કોઇ સહારો મળે છે, કોઈની સંવેદના મળે છે, લાગણી મળે છે ત્યારે સર્જકનો આત્મા ફરી જીવતો થાય છે અને વળી પાછી સાંસારિક ઠોકર વાગતા એ સંવેદનામાં – સંબંધમાં સ્વાર્થ ભળતા અંદરથી કશુંક છિનવાઈ જતું અનુભવે છે અને સર્જકનો આત્મા ફરીથી મૃત્યુ પામે છે, આવી રીતે સર્જકે અનેક વખત મૃત્યુની પીડા ભોગવવી પડે છે દેહનું મૃત્યુ તો સુખદાયી છે, કેમ કે તેમાં દેહનો વિલય અને આત્માની મૂક્તિ થઈ જાય છે પરંતુ દેહ હયાત હોય અને આત્માને વારંવાર મરવું પડે, સંવેદના વારંવાર મરે તો એની પીડા ખુબ જ અસહ્ય હોય છે. અને કદાચ એટલે જ ઈશ્વર આવા સર્જકોને હાથે ઉત્તમ કલાકૃતિની રચના કરાવતો હોય છે અને પછી સંસારમાં સર્જકની વાહ વાહ થાય છે, એના સન્માનો થાય છે, પારિતોષિકો મળે છે, ખ્યાતિ મળે છે એને ઓળખતા મિત્રો, સગા સંબંધીઓ એના માટે ગૌરવ પણ લે છે... પરંતુ... એ વખતે સર્જક અંદરથી સાવ એકલો અને છિન્નભિન્ન હોય છે અને પછી તો એની પીડા આંસુથી નહી હોઠ ઉપરના હાસ્યથી વ્યક્ત થતી હોય છે.

આજનો સમય બદલાયેલો છે. પ્રેમ, લાગણી, સંવેદના હવે માત્ર સુવિચારોમાં રાખીને આપણે સૌ એકબીજાને ફેસબૂક કે વોટ્સપ પર શેર કરીને સમજદાર હોવાની કૉપીયૂક્ત ખાત્રી આપીને ખુશ થઈએ છીએ. આ બધી અનુભૂતિ આપણે ધીમે ધીમે ગુમાવતા જઈએ છીએ ત્યારે સર્જક પોતાની ઉપરાંત બીજાની પણ અનુભૂતિ અનુભવીને સુખી કે દુ:ખી થતો હોય છે. સર્જનની ક્ષણોમાં સર્જક ઈશ્વરરૂપ હોય છે. એના સંસ્કારિત ઓરામાંથી જે શબ્દો નીકળે છે એ વેદોના શ્લોકોથી સહેજેય ઉતરતા નથી હોતા. કેમ કે એમાં સાચા હદયનો આર્તનાદ હોય છે. પીડાનું પંચામૃત હોય છે. વૈફલ્યની વેદના હોય છે. અને પ્રેમનું પ્રાગટ્ય હોય છે. એક સાચો શબ્દ જો સર્જકને અવતરે તો સર્જક સદીઓ સુધી અમર રહે છે.

અને જે સર્જક આ સાચા શબ્દની શોધમાં શબ્દોની અનેક ગંગોત્રીઓ સુધી જાય છે, ભાષાની અનેક નિહારિકાઓને ખંખોળે છે તે શબ્દના ગર્ભગૃહ સુધી તો પહોંચી જ જાય છે. સર્જક માટે મૃત્યુ એ અંતિમ નથી. સાચો સર્જક જન્મ અને મૃત્યુના બંધનોમાંથી મુક્ત હોય છે. કેમ કે એ અનેક નવા શબ્દોને જન્મ આપે છે તો વળી અનેક નહી જન્મેલા શબ્દોને મારે પણ છે. જેમ માનવદેહ માટે " ગર્ભપાત અને ભ્રૂણહત્યા " જેવા બે શબ્દો છે તેવી જ રીતે સર્જક માટે 'શબ્દપાત અને ભાવહત્યા' જેવી બે અસહ્ય અનુભૂતિઓ છે. સર્જકે આ બન્નેમાંથી દરરોજ પસાર થવાનું હોય છે. 'ગર્ભપાત અને ભ્રૂણહત્યા' થી માનવદેહને જે પીડા થાય છે તેનાથી હજારોગણી પીડા સર્જકને 'શબ્દપાત અને ભાવહત્યા'થી થતી હોય છે. છતાંય સર્જકને બહારથી હસવું પડતું હોય છે. વળી સર્જક પણ એકંદરે સાંસારિક જીવ તો છે જ. એને પણ સર્જન ઉપરાંતની બીજી અનેક ફરજો નિભાવવાની હોય છે. અનેક સંબંધો નિભાવવાના હોય છે. આ રીતે જોઈએ તો સર્જકની નિયતિ સામાન્ય માણસો કરતા કંઈક જુદી હોય છે. કેમ કે સામાન્ય માણસ એક જીવન અને એક મૃત્યુ લખાવીને આવતો હોય છે જ્યારે સર્જક એક જીવનમાં અનેક મૃત્યુ લખાવીને આવતો હોય છે. સામાન્ય માણસ દુ:ખમાં રડે છે અને સુખમાં હસે છે. જ્યારે સર્જક સુખ હોય કે દુ:ખ હોય... બન્ને સ્થિતિમાં હસે જ છે. સામાન્ય માણસ કલાકૃતિને પથ્થર માને છે જ્યારે સર્જક કલાકાર પથ્થરમાં એક કલાકૃતિ જુએ છે.

સર્જકને સમજવો એક રીતે સહેજેય સહેલું નથી. પણ જો એના સર્જનને સમજી જઈએ તો સર્જકને સમજવામાં સરળતા રહે છે. આને કારણે જ મોટાભાગે સર્જકની આસપાસની દુનિયા અસંવેદનશીલ અને સર્જક સંવેદનશીલ હોય છે. એમાં શ્વાસ ઓછા હોય છે નિસાશા વધુ હોય છે. વિશ્વાસ ઓછો હોય છે વિશ્વાસઘાત વધુ હોય છે. સર્જકને સાંસારિક દુનિયાના માપદંડોથી મૂલવી નથી શકાતો. એને વ્યવહારિક બંધનોમાં બાંધી પણ નથી શકાતો કેમ કે સર્જક તો સૂર્ય સમાન છે. એ રોજ ઊગે છે અને રોજ આથમે છે. આમ છતાંય એ પ્રકાશ તો ચોવીસે કલાક આપે છે. એક તરફ એ આથમી જતો દેખાય પણ બીજી તરફ એ પોતાનો પ્રકાશ આપતો હોય છે એના સર્જન દ્વારા. જેવી રીતે સૂર્ય અવિચળ છે. તેવી રીતે સર્જકનો શબ્દ પણ અવિચળ છે. જે સદીઓ સુધી જીવે છે.

સર્જક કે કલાકાર આમ જોઈએ તો માણસ પણ છે. એને ય સામાન્ય માણસની જેમ બધી ઈચ્છાઓ થતી હોય છે. પરંતુ એનામાં રહેલું સર્જકત્વ કે કલાતત્વ એને સામાન્ય માણસ બનતા રોકે છે. એ સામાન્ય માણસ જેવો વ્યવહાર કરવામાં નિષ્ફળ રહે છે. એ મંદિરે જતો નથી. નાત જાતમાં માનતો નથી. ધર્મ, સંપ્રદાય કે અંધશ્રદ્ધા જેવી બાબતોથી હંમેશાં પર હોય છે. આને કારણે એ ઘણીવાર પારિવારિક બાબતોથી પણ અજાણ રહી જાય છે. કેમ કે સર્જક કે કલાકાર પોતાના સર્જનને – કલાને જ ઈશ્વરતૂલ્ય માનીને તેની સાધના કરતો હોય છે. કોઈ ચિત્રકારને મન ચિત્ર બનાવવાની અનુભૂતિ હિમાલયની પરિક્રમા સમાન હોય કે કોઈ કવિની કવિતા લખવાની ક્ષણો અમરનાથ યાત્રા સમાન હોય છે. કે કોઈ અભિનેતા માટે રંગમંચ એ જ એનું મંદિર કે પૂજા હોય છે. કલા અને સાહિત્યની આ બધી બાબતો આત્માના આનંદ, કલ્યાણ સાથે જોડાયેલી છે. ઈશ્વરની સ્તૂતિ કે પૂજા કે મંદિર – મસ્જિદ દર્શન પણ આત્માના આનંદ માટે, કલ્યાણ માટેની પ્રવૃતિ છે. પરંતુ આપણે સર્જક કે કલાકારને ઓળખ્યા વિના જ નાસ્તિક કે અવ્યવહારુ કહી દઈએ છીએ.

સાચા સર્જકનું મૃત્યુ કદી થતું નથી. કેમ કે એ હંમેશાં એની કલાકૃતિમાં જીવતો હોય છે. નરસિંહ મહેતાથી લઈને રાવજી પટેલ સુધીના કવિઓના ઉદાહરણ લઈએ કે વિશ્વવિખ્યાત ચિત્ર 'મોનાલિસા'ના સર્જક લિયો નાર્દો દ વિંચીથી લઈને રાજા રવિવર્મા સુધીના ચિત્રકારો હોય. ઉતમ કૃતિને લોકો કદી ભૂલતા નથી. પરંતુ આપણા સમાજની એક કરૂણતા એ રહી છે કે સર્જક કે કલાકાર જ્યા સુધી જીવતો હોય ત્યા સુધી એની કદર થતી નથી. પરિવાર, સમાજ, રાજ્ય કે દેશ હોય – સર્જક કે કલાકારનું મૂલ્ય પછી જ અંકાયું છે. જો કે સર્જક કે કલાકારને આવા મૂલ્યાંકનોમાં બહુ રસ હોતો નથી એ તો એના સર્જન પાછળ જ મસ્ત હોય છે. કેમ કે એના સર્જનમાં એની કલ્પનાના રંગો ભરતો હોય છે. વાસ્તવિક દુનિયાના કડવા અનુભવોને કલ્પનાની દુનિયામાં મીઠ્ઠા રંગો પૂરીને પોતાની કલાકૃતિમાં ભરતો હોય છે. અને આથી જ સાચો કલાકાર સકારાત્મકતાનો ઊર્જાપૂંજ હોય છે. એ નકારાત્મકતામાં પણ સકારાત્મકતા શોધી લે છે. જેને કારણે એ અનેક પીડાઓથી જલદી મૂક્તિ મેળવી લે છે. સુખ અને દુ:ખની પરિભાષાઓ એને પીડતી નથી. એ એકાંત, અંધકાર અને હારની ક્ષણોમાં ય સ્થિર રહી શકે છે.

જો કે કલા એ જ આમ તો ઈશ્વરનું વરદાન છે. જે ભાગ્યે જ કોઈને મળે છે. કોઈપણ કલા હોય એ જીવન જીવવાની નવી ચેતના આપે છે. કલામાં અનેક પ્રકારની ઊર્જાઓનો ભંડાર ભરેલો હોય છે. આમ છતાંય મને એક વાતની હંમેશાં નવાઈ લાગે છે કે આજે " આર્ટ ઓફ લિવિંગ "ની

અનુસંધાન પાના નં. ૭ પર

# હજુ સાચી સ્વતંત્રતા મેળવવી બાકી છે...!

**રઝળપાટ**



અજય ઉપાધ્યાય

આજથી બે દિવસ પછી સ્વતંત્રતા દિવસ છે...આપણો સ્વતંત્રતા દિવસ...ભારતનો સ્વતંત્રતા દિવસ...! નવી પેઢી માટે ૧૫ ઓગષ્ટ મહદઅંશે રજાનો દિવસ છે, જો કે પાછલા થોડા વર્ષોથી આ રજાની માનસિકતામાં બદલાવ ચોક્કસ આવ્યો છે અને એ પણ નવી પેઢીને હિસાબે જ. પહેલાના કરતા કદાચ હવેના સમયમાં સ્વતંત્રતા કે પછી પ્રજાસત્તાક દિવસની મહત્તા અને એનું મુલ્ય જરા વધારે સચવાતું હોય એવું લાગી રહ્યું છે છતાં પણ દરેક સ્વતંત્રતા દિવસ પર જે વિચાર આવે છે એ હજુયે યથાવત છે જ અને એ છે આપણી સ્વતંત્રતાની વ્યાખ્યા અને સ્વતંત્રતાની પરિભાષા....! ભારતના નાગરિક તરીકે છેલ્લા થોડા વર્ષોથી કે પછી સ્વતંત્ર થયા ત્યારથી આપણે સ્વતંત્રતાની વ્યાખ્યા આપણી રીતે સેટ કરતા આવ્યા છીએ, કમનસીબ છે પણ સત્ય પણ એટલું જ છે..!

જનરલી સ્વતંત્રતા દિવસ પર આપણે એ વિચારતા હોઈએ છીએ કે સ્વતંત્રતા મળ્યા પહેલાની સ્થિતિથી સ્વતંત્રતા મળ્યા પછીની સ્થિતિ બહેતર થઈ છે કે નહિ ? સ્વતંત્રતા પહેલા અને પછીમાં શું બદલાવ આવ્યો છે ? અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થયા પછીથી શું ભારતે સ્વતંત્રતાના માધ્યમથી વધુ વિકાસ સાધ્યો છે કે નહિ ? સ્વતંત્ર થવામાં કેટકેટલા લોકોએ બલિદાનો આપ્યા છે એની ગાથાઓ નવી પેઢી માટે તો માત્ર પુસ્તકમાં જ ઉપલબ્ધ છે પણ એ સ્વતંત્રતા સંગ્રામના સાક્ષી રહેલા કુછ બચે કુચે સ્વાતંત્રવીરો શું ગર્વથી એમ કહી શકે એમ છે કે હા અમે જેના માટે લડાઈ લડેલી એ સ્વતંત્રતા ભારત માટે ફાયદાકારક બની છે? સવાલ અઘરો છે એટલો જ આ સવાલનો જવાબ આપવો કદાચ વધુ અઘરો છે. શું દર વર્ષની જેમ તિરંગો ફરકાવી દેવાથી, તિરંગાને સલામી આપી દેવાથી કે વીરોની યશગાથા ટીવી-પેપરમા જોરશોરથી ગાઈ-વગાડી દેવાથી જ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી ગણાશે? શું આપણે સ્વતંત્રતા કે આઝાદીનો સાચો અર્થ બરાબર સમજી કે જાણી શક્યા છીએ ? જવાબ માટે ખુદની અંદર એક નજર નાખવી અનિવાર્ય બની રહેશે, કેમકે આખરે તો દેશની આઝાદી અને એનું મુલ્ય મારા અને તમારા વ્યવહાર અને એ આઝાદીના મૂલ્યને કેટલી ગંભીરતાથી લેવામાં આવે છે એના પર જ અવલંબિત છે ને...!

નો ડાઉટ આઝાદીના ૭૦ સાલ વીતી ગયા છે અને આ ૭૦ વર્ષોમાં આપણે એવા ઘણા ક્ષેત્રો છે જેમાં આઝાદી પહેલાની સ્થિતિ કરતા દેશને વધુ બહેતર સ્થિતિએ પહોચાડ્યો છે. જગતના સૌથી મોટા લોકશાહી દેશ તરીકે વૈશ્વિક અફરાતફરીમાં પણ આપણે લોકશાહી પરંપરાને સાચવી અને બચાવી રાખી છે અને એની પુરા વિશ્વમાં કદર પણ થઈ છે. ૭૦ વર્ષોમાં આવેલી વિવિધ સરકારોના પ્રયાસોથી આજે મહાનગરો વિશ્વ સાથે તાલ મિલાવી શકે એટલા સમૃદ્ધ અને વિકસિત થયા છે તો ગામડાઓની સ્થિતિમાં પણ અમુક અંશે સુધારો આવ્યો છે. વિશ્વમાં પાંચમાં પુછાય એવું નામ ભારતે બનાવ્યું છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. વિકાસ અને તાકાત ના મામલે આપણે ૭૦ વર્ષો કરતા ઘણા આગળ છીએ. આજે આપણે એ મુકામે પહોચી ગયા છીએ કે દુનિયાના વિકસિત દેશોએ પણ ભારતની પ્રગતિની નોંધ લેવી પડે છે અને જગત જમાદારો ગણાતા દેશો પણ ભારતને ઈજ્જત અને માનની દ્રષ્ટીએ જુએ છે, એક સમયે અભણ, ગમાર અને પછાત ગણાતો ભારત આજે ચંદ્ર પર યાન મોકલી શકે છે કે ચીન જેવી મહાસત્તાને લલકારી પણ શકે છે... અમેરિકા જેવા ની સાથે કદમ મિલાવી શકે છે તો ઉંચો જીડીપી પણ હાસિલ કરી શકે છે યસ સ્વતંત્ર થયા પછીની આ એક ઉપલબ્ધી ગણાય...!

પણ એઝ એવી ધ પીપલ આપણે સ્વતંત્રતાને ક્યા સુધી....કેવી રીતે અને કેટલી લીધી છે એ બાબતે હજુ પણ અવઢવ ચોક્કસ છે..! અંગ્રેજીમાં બે શબ્દો છે ' ફ્રીડમ ' અને ' લીબર્ટી '. ફ્રીડમ એટલે કોઈમાંથી મુક્ત થવું અને લીબર્ટી એટલે ગમે તે કરવા માટે મુક્ત...! પહેલી નજરે સમાન લાગતા આ બંને શબ્દોના અર્થો ખરેખર એકબીજાથી ભિન્ન છે. કૈક આવી જ માનસિકતા આપણી પણ સ્વતંત્રતા બાબતે બનતી જાય છે. આપણા બંધારણે આપણને ફ્રીડમ ઓફ સ્પીચ નો અધિકાર આપેલો છે પણ ઘણીવાર એનો ઉલટો ઉપયોગ કરવામાં આપણે માહિર બની ગયા છીએ અને એ પણ પાછું સ્વતંત્રતાના નામે. ઉપરાષ્ટ્રપતિ જેવા જવાબદાર હોદ્દા પર હોવ ત્યાં સુધી કશું દેખાય નહિ પણ જેવા એ પદ છોડવાનું થાય એટલે વિવાદિત વિધાન કરવાનું મન થાય એ સ્વતંત્રતાની આપણે લીધેલી અવળી વ્યાખ્યા નહિ તો બીજું શું કહેવાય ? વાત એકલા હમીદ અન્સારીની નથી આવા તો અનેકો બફાટો અને ફ્રીડમ ઓફ સ્પીચ ના વરવા ઉદાહરણો દરેક પાર્ટી અને દરેક પ્રકારના જનસમુદાયમાંથી પણ બનતા આવ્યા છે. આ સ્વતંત્રતા ની કેવી વ્યાખ્યા?

જ્યારે સ્વતંત્રતાની લડાઈ લડાઈ ત્યારે કોઈ કોમ – જાતી માટેની લડાઈ નહિ પણ સમગ્ર દેશ માટેની લડાઈ હતી, સમગ્ર દેશની પ્રજાને અંગ્રેજોની ગુલામીમાંથી છોડાવવાની લડાઈ હતી...એ લડાઈ હતી નાત-જાત-ધર્મો-સમ્પ્રદાયો થી ઉપર ઉઠીને દેશને આઝાદ કરાવવાની કે જેથી આઝાદ દેશના નાગરીકો પોતાની રીતે કામ કરવા – જીવવા સ્વતંત્ર બની શકે અને કોઈનું પણ આધિપત્ય કે પછી ગુલામી રહે નહિ. દેશ તો આઝાદ થઈ ગયો અને એને સાત દાયકા પણ થઈ ગયા પણ આ નાત-જાત-ધર્મો-સમ્પ્રદાયો ણા વાડામાંથી શું આપણે ખરેખર આઝાદ થઈ શક્યા છીએ ? ઠીક છે કે આજથી સાત દાયકા પહેલા અથવા તો સ્વતંત્ર નહોતો ત્યારે આપણો દેશ વધુ ગરીબ હતો અને અનેક પ્રકારના અંધ્વીશ્વાસો મા જીવતો હતો પણ આજે આટલી પ્રગતી પછી પણ જો દેશમાં ધર્મો અને નાત જાતના નામે પોતાના વિચારો અને જોહુકમી ઠોકી બેસાડી દેવાતી હોય તો પછી સ્વતંત્રતાનો આ કયો અર્થ આપણે આલાપી રહ્યા છીએ એ ખબર નથી પડતી..!

આઝાદીના સાત સાત દાયકા પછી અને લગભગ દરેક સરકારોના અથાગ પ્રયત્નો પછી પણ દેશની મૂળભૂત સમસ્યાઓમાં નોંધપાત્ર સુધારો

અનુસંધાન પાના નં. ૭ પર